# આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ માટે બનાવેલ GEA-Girl Emergency Alert મોબાઈલ એપની ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર ખાતે તાલીમ યોજાઈ




નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર, આ.કૃ.યુ. આણંદ દ્વારા તા. ૨૧-૦૯-૨૦૧૯ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ માટે બનાવેલ **"GEA-Girl Emergency Alert"** મોબાઈલ એપની તાલીમ ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર ખાતે યોજવામાં આવી હતી. આ તાલીમમાં ઉપસ્થિત રહેલ નિયામકશ્રી આઈ.ટી, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ તેમજ વિવિધ ફેકલ્ટીના ડીન, ગૃહપતિ, મદદનીશ ગૃહપતિ, મદદનીશ હોસ્ટેલ વોર્ડન તેમજ કોલેજના ગર્લ્સ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સદર તાલીમની શરૂઆત નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજી એ આપેલ તેમજ તેની વિસ્તૃત જાણકારી પણ સમજાવેલ. આઈ.ટી. સેન્ટર ની ટેકનીકલ ટીમ દ્વારા મોબાઈલ એપ અંગેનો લાઇવ ડેમો પણ કરી બતાવેલ હતો અને વિદ્યાર્થીનીના મોબાઈલમાં ઈંસ્ટોલેશન કરીને અને તેમના ગૃહપતિના ઈમેઈલ લોગીનથી પણ પૂરી સમજ આપેલી હતી. સદર તાલીમ દરમિયાન તમામ વિધાર્થિનીઓ અને ગૃહ્પતીશ્રીઓ સાથે ચર્ચા પરામર્શ કરેલ છે. વધુમાં નિયામકશ્રી વિધાર્થી કલ્યાણ દ્વારા વહેલામાં વહેલી તકે આ એપનો ઉપયોગ શરૂ કરવાનું સુચન જણાવેલ છે.

આ ઉપરાંત સદર તાલીમ દરમિયાન એ.આઇ.ટી. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ એ.આઇ.ટી. કોલેજનો વિડીયો, અનુભવ ડેરીનો વિડીયો અને સરદાર પટેલ મ્યુઝીયમ નો વિડીયો નિહાળવામાં આવ્યો ત્યારબાદ અંતે હાલમાં જ બનાવેલ આઈ.ટી. મ્યુઝીયમની મુલાકાત તમામ તાલીમમાં હાજર રહેલ કર્મચારીઓએ લીધી.






